ગાંધીનગર સમાચાર

ટેન્શન ભરેલી લાઈફથી કંઈ હાસલ થશે નહીં : મોદી

સિવિલ સર્વિસ ડેના પ્રસંગે કર્મચારીઓને સંબોધન : શ્રેષ્ઠ કામગીરી બદલ એવોર્ડ આપ્યા



નવી દિલ્હી,તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આજે સિવિલ સર્વિસ દિવસના પ્રસંગે સરકારી કર્મચારીઓને સંબોધન કરતા કહ્યું હતું કે, ટેન્શનમાં રહીને કોઈપણ સફળતા ક્યારે પણ હાસલ કરી શકાય નહીં. મોદીએ આ પ્રસંગે સરકારી કર્મચારીઓને ગુડ ગવર્નન્સની કલા અંગે માહિતી આપી હતી. સાથે સાથે સરકારી કર્મચારીઓને જાહેર વહીવટી સેવામાં શ્રેષ્ઠ કામગીરી અદા કરવા બદલ એવોર્ડ પણ એનાયત કર્યા હતા. ત્રણ જાહેર વહીવટી તંત્રની કેટેગરીમાં એવોર્ડ આપવામાં આવે છે જેમાં વ્યક્તિ, ટીમ અને ઓર્ગેનાઈઝેશન કેટેગરીનો સમાવેશ થાય છે. જાહેર વહીવટીતંત્રમાં શ્રેષ્ટ કામગીરી બદલ પ્રતિષ્ઠિત વડાપ્રધાન એવોર્ડ આપવામાં આવે છે. આ એવોર્ડના ભાગરુપે મેડલ, રોકડ ઈનામ આપવામાં આવે છે. વડાપ્રધાને આ પ્રસંગે બેસ્ટ પ્રેક્ટિસ નામથી નવું પુસ્તક પણ જારી કર્યું હતું. મોદીએ તેમના સંબોધનમાં કહ્યું હતું કે, જો દેશને ચલાવવું છે તો ટેન્શન ભરેલી જિંદગી કોઈપણરીતે ફળદાયી રહી શકે નહીં. જો તમે પોતે દુખી છો તો દેશ કઈ રીતે ખિલી શકે છે. ફાઈલના પેજમાં લાઈફને મર્યાદિત કરી શકાય નહીં. મોદીએ પોતાના સંબોધનમાં કહ્યું હતું કે, લોકોએ તમામ પ્રકારની લાઈફની મજા માણવી જોઈએ. પરિવાર સાથે ક્વોલિટી સમય ગાળવાની પણ મોદીએ વાત કરી હતી. આના માટે સમય કાઢવાની વાત કરી હતી. મોદીએ કહ્યું હતું કે, લાઈફ રોબોટિકમાં લોકોની બદલાઈ ગઈ છે. જો રોબોટિકમાં લાઈફ બદલાઈ ગઈ છે તો તેમાંથી બહાર નિકળવાની જરૂર છે. તેમણે એમ પણ કહ્યું હતું કે, જ્યાં સુધી ટેન્શનમાંથી બહાર નિકળાશે નહીં ત્યાં સુધી દેશની સેવા કરી શકાશે નહીં. અમારી અંદર રહેલા માનવીને જ્યાં સુધી જગાવાશે નહીં ત્યા સુધી દેશની સેવા કરી શકાશે નહીં. મોદીએ આ પ્રસંગે સરદાર પટેલ અને અન્ય મોટી હસ્તીઓની પણ વાત કરી હતી. એવોર્ડ વિજેતાઓને અભિનંદન પણ આપ્યા હતા. સામાજિક આર્થિક ઈન્ટેગ્રેશનનો સમય આવી ગયો છે. ગુડગવર્નન્સ આર્ટની તેમણે વાત કરી હતી અને કહ્યું હતું કે, એ એટલે એકાઉન્ટબિલીટી, આર એટલે રિસ્પોન્સીબિલીટી અને ટી એટલે ટ્રાન્સપરન્સીની તેઓ વાત કરે છે. મોદીએ કહ્યું હતું કે, સંપૂર્ણ પાકા કામને તેઓ પ્રાથમિકતા આપે તેમ ઈચ્છે છે. વડાપ્રધાન મોદીએ આજના ભાષણ દરમિયાન અન્ય મુદ્દાઓ પણઉઠાવ્યા હતા પરંતુ સરકાર ઉપર કોઈપણ પ્રકારના પ્રહારો કર્યા ન હતા. માત્ર ગુડગવર્નન્સને લઈને પોતાની રજૂઆત કરી હતી.

રાજભાષા પુરસ્કારથી રાજીવ, મોદીને મળ્યાનો અને તેમની સમક્ષ

ઈન્દિરાના નામ અંતે દૂર કરાયા

બંને પુરસ્કારના નામ બદલાયા : રાજીવ ગાંધી પુરસ્કારનું નામ રાજભાષા ગૌરવ પુરસ્કાર : કોંગ્રેસ પાર્ટી લાલઘૂમ

નવીદિલ્હી,તા. ૨૧

કેન્દ્ર સરકારે એક મહત્વપૂર્ણ નિર્ણયમાં રાજભાષા એવોર્ડોમાંથી પૂર્વ વડાપ્રધાન ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીના નામ દૂર કરી દેતા નવો વિવાદ છેડાઈ ગયો છે. મહત્વપૂર્ણ બાબત એ છે કે, આ વર્ષે હિન્દી દિવસના પ્રસંગે આપવામાં આવનાર એવોર્ડમાંથી ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીનું નામ દૂર કરવામાં આવ્યું છે. સરકારે આ એવોર્ડના નવા નામ આપી દીધા છે. સન્માન તરીકે આપવામાં આવતા આ એવોર્ડ હિન્દીના પ્રગતિશીલ તરીકાથી ઉપયોગ માટે આપવામાં આવે છે. મળેલી માહિતી મુજબ ગૃહમંત્રાલયે ૨૫મી માર્ચના દિવસે આ અંગેના આદેશ જારી કર્યા હતા જેમાં રાજભાષા પુરસ્કારથી ઈન્દિરા ગાંધી અને રાજીવ ગાંધીના નામ દૂર કરવામાં આવ્યા હતા. રાજીવ ગાંધી રાષ્ટ્રીય જ્ઞાન પુરસ્કાર હવે રાજભાષા ગૌરવ પુરસ્કારના નામથી ઓળખવામાં આવશે જ્યારે ઈન્દિરા રાજભાષા પુરસ્કારનું નામ બદલીને હવે રાજભાષા કિર્તી પુરસ્કાર કરી દેવામાં આવ્યું છે.

અત્રે ઉલ્લેખનીય છે કે, દર વર્ષે આ પુરસ્કાર આપવામાં આવે છે. ચારની જગ્યાએ હવે બે કેટેગરીમાં આ પુરસ્કાર આપવામાં આવનાર છે. બીજી બાજુ ગૃહમંત્રાલયના આ આદેશ ઉપર કોંગ્રેસે સરકાર પર બદલાની ભાવનાથી કામ કરવાનો આક્ષેપ કર્યો છે. બીજી બાજુ ભાજપે કહ્યું છે કે, સરકાર કોઈપણ બદલાની ભાવનાથી કામ કરી રહી નથી. આ દેશમાં જેટલી પણ યોજના અને પ્રોજેક્ટો ચાલી રહ્યા છે. તેમાંથી મોટાભાગના નામ ઈન્દિરા અને રાજીવ ગાંધી ઉપર રાખવામાં આવ્યા છે. ભાજપ અને કોંગ્રેસ વચ્ચે આ વિષયને લઈને પણ જોરદાર ચર્ચા છેડાઈ ગઈ છે. કેન્દ્ર સરકારના આ મોટા નિર્ણયને લઈને આવનાર દિવસોમાં પણ ખેંચતાણ રહે તેવી શક્યતા છે.

રડ્યાનો ગિરીરાજનો અંતે ઈન્કાર

નવી દિલ્હી,તા. ૨૧

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કોંગ્રેસ પ્રમુખ સોનિયા ગાંધી સામે તેમના વિવાદાસ્પદ સૂચનો બદલ જોરદાર ઝાટકણી અને ઠપકો આપ્યા બાદ કેન્દ્રીયપ્રધાન ગિરીરાજસિંહ રડી પડ્યા હતા. આ પ્રકારના અહેવાલ મિડિયામાં આવ્યા બાદ તરત જ ભાજપના નેતાએ આ અહેવાલને રદિયો આપ્યો હતો અને કહ્યું હતું કે, આવી કોઈ બાબત બની નથી. ગિરીરાજસિંહે વડાપ્રધાનને મળ્યા બાદ રડી પડ્યા હતા તેવા અહેવાલને રદિયો આપ્યો હતો અને કહ્યું હતું કે, વડાપ્રધાનને મળ્યા જ નથી ત્યારે આ પ્રકારના પ્રશ્નો ઉપસ્થિત થતા નથી. કોણે કહ્યું કે, વડાપ્રધાનને મળ્યા બાદ હું રડી પડ્યો હતો અને કોણે જોયુ હતું. અગાઉ મિડિયા અહેવાલમાં જણાવવામાં આવ્યું હતું કે,

વડાપ્રધાને સોનિયા ગાંધી સામે વંશીય સૂચનો અને અન્ય વિવાદાસ્પદ ટિપ્પણી બદલ ગિરીરાજસિંહની ઝાટકણી કાઢી હતી. ભાજપ સંસદીય બોર્ડની બેઠક આજે સવારે યોજાઈ હતી જેમાં આ તમામ બાબતો બની હોવાના અહેવાલ મિડિયામાં આવ્યા હતા. માઈક્રો, સ્મોલ, મિડિયમ ઉદ્યોગ સાહસિકો માટેના પ્રધાન છેલ્લા ઘણા સમયથી વિવાદમાં રહ્યા છે. તેઓએ હાલમાં જ સોનિયા ગાંધી અંગે વિવાદાસ્પદ સૂચન કર્યું હતું. તેમણે એમ કહીને વિવાદ છેડી દીધો હતો કે જો સોનિયા ગાંધી અશ્વેત રહ્યા હોત તો કોઈએપણ તેમને સ્વીકાર્યા ન હોત. પત્રકારો સાથે વાતચીત કરતા તેમણે કહ્યું હતું કે, રાજીવ ગાંધીએ નાઈઝિરિયન મહિલા સાથે લગ્ન કર્યા હોત અને સોનિયા ગાંધી શ્વેત સ્કીન ધરાવનાર મહિલા ન રહ્યા હોત તો કોંગ્રેસે તેમને સ્વીકાર્યા ન હોત. ગઈકાલે લોકસભામાં પણ આ મુદ્દો છવાયો હતો. જેના પરિણામ સ્વરુપે ગિરીરાજ સિંહને માફી માંગવાની ફરજ પડી હતી. લોકસભામાં આ મુદ્દે ભારે ધાંધલ ધમાલ થઈ હતી. ભારે ધાંધલ ધમાલ થયા બાદ ગિરીરાજસિંહે કહ્યું હતું કે, તેમના ઈરાદા કોઈનું પણ અપમાન કરવાના ન હતા પરંતુ જો તેમના નિવેદનથી કોઈને આઘાત લાગ્યો છે તો તેઓ આના માટે માફી માંગે છે. સાથે સાથે દુખ પણ વ્યક્ત કરે છે.

સંપત્તિ સંદર્ભે નિયમો કઠોર થશે

નવીદિલ્હી,તા. ૨૧

સરકારે બેનામી સંપત્તિ માલિકીના સંદર્ભમાંનિયમોને વધુ કઠોર બનાવવાની તૈયારી કરી લીધી છે. હાલમાં જે નિયમો છે તેના કરતા વધુ કઠોર કરી દેવામાં આવશે. સ્થાનિક પ્રોપર્ટીછુપાવવાને લઈનેહાલમાંકેટલીક છટકબારીઓ રહેલી છે. આમા માત્ર પત્નિ અનેબિનપરિણિત પુત્રીને સામીલ કરવાની બાબતનો સમાવેશ થાય છે. કાળા નાણાને રોકવાના હેતુસર આ પગલા લેવામાં આવી રહ્યા છે. નવા કાયદામાંઅન્ય કોઈપણ વ્યક્તિના નામે પ્રોપર્ટીના સંદર્ભમાં ધારાધોરણ બદલાઈ જશે. ભાઈ, બહેન, પિતા, માતા, પુત્રના નામ ઉપર મેળવવામાં આવેલી સંપત્તિ જોખમી પુરવાર થઈ શકે છે. સરકારે હાલમાં આ બાબતમાં અને ફરિયાદો તરફ પણ ધ્યાન આપ્યું છે. બજેટમાં નાણામંત્રી અરુણ જેટલીએ કહ્યું હતું કે, કાળા નાણાને રોકવા માટે કઠોર જોગવાઈ લાવવામાં આવનાર છે.

એએપી હવે ખાપ પંચાયત તરીકે કામ કરે છે : ભૂષણ

નવીદિલ્હી,તા. ૨૧

એએપીમાંથી હકાલપટ્ટી કરવામાં આવ્યા એક દિવસ બાદ પ્રશાંત ભૂષણે આજે તેમની પૂર્વ પાર્ટીના સભ્યોની જોરદાર ઝાટકણી કાઢી હતી અને કહ્યું હતું કે, એએપી હવે ખાપ પંચાયત તરીકે છે. તમામ લોકો એક સરમુખત્યારની વાત સાંભળે છે. તેમણે કહ્યું હતું કે, હકાલપટ્ટી કરવામાં આવેલા લોકો ગંભીર પ્રકારના આક્ષેપોનો સામનો કરી રહ્યા છે. એએપીની મૂળભૂત ભાવના અને બંધારણનો ભંગ કરનાર લોકો સામે પગલા લેવાના બદલે અમારી સામે પગલા લેવામાં આવ્યા છે. પ્રશાંત ભૂષણે કહ્યું હતું કે, એએપીમાં હાલમાં જે ઘટનાક્રમનો દોર ચાલી રહ્યો છે તે

ખુબ જ દુખ છે. પત્રકાર પરિષદ યોજીને પ્રશાંત ભૂષણે એએપી ઉપર જોરદાર મારો ચલાવ્યો હતો. એએપી એક નેતા સાથે હવે ખાપ પંચાયત બની ચુકી છે. એએપીમાં એક સરમુખત્યાર છે અને દરેક વ્યક્તિ તેના કહેવા મુજબ આગળ વધે છે. કેટલાક એએપીના નેતાઓ તેમની શરમને બાજુએ મુકી ચુકયા છે અને તેમના નેતા માટે કંઈ પણ કરવા માટે તૈયાર થઈ ગયા છે. તેમની હકાલપટ્ટી અંગે વાત કરવામાં આવતા પ્રશાંત ભૂષણે કહ્યું હતું કે, દિલ્હી વિધાનસભાની ચૂંટણી બાદ અરવિંદ કેજરીવાલે એક ફતવો જારી કરીને કહ્યું હતું કે, યોગેન્દ્ર યાદવ અને તેમની એએપીમાંથી હકાલપટ્ટી થઈ જવી જોઈએ. એએપીમાંથી તેમની હકાલપટ્ટી કરવા માટેનું સંપૂર્ણ નાટક બે મહિના અગાઉ શરૂ થઈ ગયું હતું. હવે ડ્રામાબાજી પુરી થઈ ચુકી છે. એએપીના બળવાખોરોને નોટિસ ફટકારવામાં આવી હતી. પ્રશાંત ભૂષણ દ્વારા કરવામાં આવેલા આક્ષેપોથી એએપીમાં ખળભળાટ મચી ગયો છે. અરવિંદ કેજરીવાલને અમે સમજી શક્યા ન હતા તેવી વાત પણ કરી હતી. કેજરીવાલ હવે રંગ બદલી ચુકયા છે. એએપીમાં છેલ્લા ઘણા સમયથી ખેંચતાણનો દોર જારી રહ્યો છે.

સલમાન હિટ એન્ડ રનમાં છઠ્ઠીના દિવસે હવે ચુકાદો

મુંબઈ,તા. ૨૧

બોલિવુડના સુપરસ્ટાર સલમાનખાનને આવરી લેતા વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસના મામલામાં હવે છઠ્ઠી મેના દિવસે ચુકાદો જાહેર કરવામાં આવનાર છે. સલમાન સામે ચાલી રહેલા કેસના કારણે બોલિવુડના નિર્માતા નિર્દેશકોની ઉંઘ હરામ થઈ ગઈ છે. સલમાન પર હાલ કરોડો રૂપિયાનો દાવ લાગેલો છે. ૧૩ વર્ષ જુના આ કેસમાં સલમાન ખાન આરોપી છે. પ્રોસીક્યુશન અને ડિફેન્સે તેમની દલીલો પરિપૂર્ણ કરી લીધી છે. ખાનના વકીલે દલીલ કરી હતી કે, સાક્ષી રવિન્દ્ર પાટિલના પુરાવાને સ્વીકારવા જોઈએ નહીં. કારણ કે તેઓ મૃત્યુ પામ્યા છે. તેઓ હવે ઉલટતપાસ માટે ઉપલબ્ધ નથી. બીજી બાજુ પ્રોસીક્યુશને એવી દલીલ કરી હતી કે, આ સાક્ષીની ચકાસણી કરવા અગાઉ ડિફેન્સને તક આપવામાં આવી હતી. પાટિલ અકસ્માતના સમયે સલમાન ખાનના પોલીસ બોડીગાર્ડ હતા. તેઓએ અભિનેતા પર આક્ષેપ કરીને એક ફરિયાદ પણ કરી હતી. બીજી બાજુ સંબંધિત ઘટનાક્રમમાં સલમાન ખાનની અરજી પર સેશન જજ દેશપાંડેએ ક્રાઈમની જગ્યા પર ફરીવાર રિહર્સલ માટે બાંદરા પોલીસ સ્ટેશનના ઈન્સ્પેક્ટરને નોટિસ ફટકારી છે. સલમાને પોલીસના એવા દાવાને ફગાવી દીધો છે કે તે ૨.૧૫ વાગેથી હોટલમાંથી નિકળ્યો હતો અને ૨.૪૫ બાંદરાના અકસ્માત સ્થળે પહોંચ્યો હતો. હવે ડિફેન્સ અને પ્રોસીક્યુશનને વધુ રજૂઆત કરવા માટે વધુ સમય આપવામાં આવશે નહીં. આ કેસમાં પ્રોસીક્યુશન દ્વારા દલીલો પુરી કરી લેવામાં આવી છે. પ્રોસીક્યુશન દ્વારા કુલ ૨૭ સાક્ષીઓની ચકાસણી કરાઈ છે. જ્યારે ડિફેન્સ દ્વારા એક માત્ર સલમાન ખાનના ડ્રાઈવર અશોકસિંહની ચકાસણી કરવામાં આવી છે. સેશન કોર્ટ નવેસરથી ટ્રાયલ ચલાવી રહી છે.ઉલ્લેખનીય છે કે, વર્ષ ૨૦૦૨ના હિટ એન્ડ રન કેસના મામલામાં આક્ષેપોનો સામનો કરી રહેલા સલમાન ખાન માટે કાયદાકીય ગુંચનો દોર અકબંધ રહ્યો છે. ડિફેન્સ વકિલે એમપણ કહ્યું હતું કે અભિનેતાની સ્થિતિ પણ બનાવના દિવસે સારી નહતી. સલમાનના ડ્રાઈવર દ્વારા આ ગાડી ચલાવવામાં આવી રહી હતી. બીજીબાજુ પ્રોસીક્યુસનની દલીલ છે કે આ કેસમાં પુરાવાને ખોટી રીતે રજુ કરાઈ રહ્યા છે. ૨૮મી સપ્ટેમ્બર ૨૦૦૨ના દિવસે બાંદ્રામાં સલમાનની ગાડી બેકરીમાં ઘુસી જતાં બહાર ઉંઘી રહેલા એક વ્યક્તિનું મોત થયું હતું અને અન્ય ચાર લોકો ઘાયલ થયા હતા. સલમાન ખાન ઉપર બોલીવુડમાં હાલ જંગી નાણા લાગેલા છે.

અમેઠી : બસમાં આગ લાગતા નવ ભડથું થયા

અમેઠી,તા. ૨૧

અમેઠીમાં બસમાં ભીષણ આગ ફાટી નિકળતા ઓછામાં ઓછા નવ લોકોના મોત થયા છે. અન્ય છ લોકો દાઝી ગયા છે. નવ લોકો બળીને ભડથુ થઈ ગયા બાદ ભારે સનસનાટી મચી ગઈ હતી. રોડવેઝની બસમાં આ આગ ફાટી નિકળી હતી. પીપરપુર વિસ્તારમાં આ બનાવ બન્યો હતો. વરિષ્ઠ પોલીસ અધિકારીએ માહિતી આપતા કહ્યું છે કે, આજે સવારે આ બનાવ તે વખતે બન્યો હતો જ્યારે રોડવેઝની બસ સુલ્તાનપુર તરફ જઈ રહી હતી. એન્જિનમાં શોર્ટસર્કિટના કારણે એકાએક આગ ફાટી નિકળી હતી. આ બનાવ રામગાંવ નજીક બન્યો હતો. બનાવની જાણ થતાં તરત પોલીસ અધિકારીઓ ઘટના સ્થળે પહોંચી ગયા હતા. તેમણે કહ્યું હતું કે, બનાવ બન્યો ત્યારે બસમાં ૪૨ યાત્રીઓ હતા. કેટલાક યાત્રીઓ બારી તોડીને બહાર નિકળી ગયા હતા. પોલીસ અધિકારીઓએ કહ્યું છે કે, ખરાબરીતે દાઝી ગયેલા લોકોની ઓળખ થઈ શકી નથી.

ભાજપના મહાજનસંપર્ક અભિયાનની તૈયારી શરૂ

નવી દિલ્હી,તા. ૨૧

સભ્ય નોંધણી ઝુંબેશને ઐતિહાસિક અને પ્રચંડ પ્રતિસાદ મળ્યા બાદ હવે હવે ભાજપ જોરદાર લહેર વચ્ચે મહાજનસંપર્ક અભિયાનની તૈયારીમાં છે. જેના ભાગરૂપે પાર્ટીના સભ્યો ઘેર ઘેર જઈને નવા સભ્યો પાસેથી એક ફોર્મ ભરાવશે. જેમાં નામ, સરનામુ અને જાતિની વિગત રાખવામાં આવશે. સાથે સાથે સભ્યોનો રસ કઈ બાબતમાં છે તે માટે પણ એક કોલમ ફોર્મમાં રાખવામાં આવનાર છે. ઉત્તરપ્રદેશમાં ૧.૮૦ કરોડ સભ્યો બનાવી લીધા હોવાનો દાવો ભાજપ દ્વારા કરવામાં આવી રહ્યો છે. આ અભિયાન મારફતે ભાજપ એક સાથે કેટલાક મોરચે માહિતી મેળવી લેવા ઈચ્છુક છે. વ્યક્તિગત ફોર્મ ભરાવીને એક તો ભાજપ સભ્યોની સંખ્યા વાસ્તવમાં કેટલી છે તે જાણી શકશે. બીજી બાબત એ છે કે પાર્ટી ૧.૮૦ કરોડ લોકો સુધી પોતાની વાત મિનિટોમાં પહોંચાડી શકશે. ૧.૮૦ કરોડ ફોન નંબરની સાથે તેની વાત ઝડપથી લોકો સુધી પહોંચી જશે. તેમાં ચૂંટણીના સમયમાં વડાપ્રધાન મોદીના સંદેશા અને ફોન કોલ સુધીની બાબત સામેલ છે. જાતિના આંકડા ચૂંટણી ગણિતના કામમાં પણ લાગશે. રસપ્રદ બાબત છે કે પાર્ટીએ પ્રથમ વખત ફોર્મમાં પસંદની કોલમ રાખી છે. જેના મારફતે નવા સભ્યોના સોશિયલ ટેસ્ટ પણ લઈ લેવામાં આવસે. જે સભ્યો યોગ્ય લાગશે તે લોકોને મોદીના નમામી ગંગે,સ્વચ્છતા, બેટી બચાવો અને અન્ય કામો માટે લગાવવામાં આવશે. આંદોલન અને આયોજનને લઈને પણ બાજપે જોરદાર તૈયારી કરી છે. સંગઠન મંત્રી સુનીલ બંસલે કહ્યું છે કે હવે પાર્ટીની નજર ગાવ અને ક્ષેત્રમાં પહોંચી જવાની છે. જેથી નાના નાના આંદોલન અને અભિયાનની રૂપરેખા તૈયાર કરવામાં આવી રહી છે. સંગઠન સાથે જોડાયેલા વરિષ્ઠ નેતાએ કહ્યું છે કે ૩૦૦થી વધારે વિધાનસભામાં ૨૦૦થી લઈને ૧૦૦૦ લોકો સુધીના પ્રદર્શન સામેલ છે. લોકો સુધી પહોંચી જવામાં આમાં મદદ મળશે. લોકસભાની ચૂંટણીમાં ભવ્ય જીત મળી હોવા છતાં હજુ પણ સંગઠનને મજબુત કરવાની બાબત પડકારરૂપ છે.

ચારધામની યાત્રા શરૂ : ગયા વર્ષ કરતા છ ગણા વધુ લોકો

દેહરાદુન,તા. ૨૧

જેની ઉત્સુકતાપૂર્વક શ્રદ્ધાળુઓ રાહ જોઈ રહ્યા હતા તે ચાર ધામની યાત્રા આજે સવારે પવિત્ર અક્ષય તૃતિયાના પ્રસંગે શરૂ થઈ હતી. જાણકાર લોકોનુ કહેવુ છે કે આ વર્ષે ગયા વર્ષ કરતા છ ગણા વધારે શ્રદ્ધાળુઓ પહોંચી રહ્યા છે. રિશિકેશથી કેદારનાથ માટે શ્રદ્ધાળુઓનો પ્રથમ કાફલો રવાના થઈ ગયો છે. રિશિકેશ ખાતે જિલ્લા વહીવટીતંત્ર દ્વારા તમામ પગલા લેવામાં આવ્યા છે. ગંગોત્રી અને યમનોત્રીના દ્વાર આજે ખુલી ગયા હતા. જ્યારે કેદારનાથના દ્વાર ૨૪મી એપ્રિલના દિવસે ખુલશે. બે દિવસ બાદ બ્રદ્રીનાથના દ્વાર ખુલી જશે. પ્રાપ્ત અહેવાલ મુજબ આજે સવારે ગંગોત્રી અને યમનોત્રીના દ્વારા ધાર્મિક માહોલમાં મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓની હાજરીમાં ખુલી ગયા હતા. સવારે જ મોટી સંખ્યામાં લોકો પહોંચી ગયા હતા. જુન ૨૦૧૩માં વિનાશકારી કુદરતી હોનારત બાદ પણ લોકોનો વિશ્વાસ અકબંધ રહ્યો હતો પરંતુ વર્ષ ૨૦૧૪માં લોકો ઓછા પહોંચ્યા હતા. જો કે આ વર્ષે છ ગણા લોકો પહોંચી રહ્યા છે. આજે સવારે બ્રમ મૂહુર્તમાં સવારે ચાર વાગ્યે મંદિરના દ્વારા ખોલ્યા હતા. સવારમાં જ મોટી સંખ્યામાં શ્રદ્ધાળુઓ પહોંચી ગયા હતા.શ્રદ્ધાળુઓમાં ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. ૨૦૧૩માં કુદરતી હોનારતના કારણે ભારે નુકસાન થયું હતુ. ખરાબ હવામાનના કારણે આ વખતે પણ તૈયારીમાં વિલંબ થયો છે. પરંતુ હવે મંદિર સંકુળમાંથી બરફને સંપૂર્ણપણે દુર કરી દેવામાં આવતા મોટી તકલીફ દુર થઈ છે. ગૌરીકુન્ડથી કેદારનાથ સુધીના નવા રસ્તાને તૈયાર કરી લેવામાં સફળતા મળી છે. ચાર ધામની તૈયારી છેલ્લા કેટલાક દિવસથી યુદ્ધના ધોરણે ચાલી રહી હતી. તૈયારીની ભાગરૂપે લોકોને કોઈ તકલીફ ન પડે તે બાબત તરફ ખાસ ધ્યાન આપવામાં આવી રહ્યુંહતુ. ગયા વર્ષેવિનાશકારી પુર બાદ આનાથી બોધપાઠ લઈને વહીવટીતંત્રે આ વખતે સુરક્ષા સહિત સાવધાનીના તમામ પગલા લીધા હતા. ઉત્તરાખંડના મુખ્યપ્રધાન હરીશ રાવતે પોતે આ વખતે કેદારનાથ યાત્રાની તૈયારીને લઈને પરિસ્થિતી પર નજર રાખી હતી. કોઈ પણ કુદરતી હોનારતની સ્થિતીમાં તેનો સફળરીતે સામનો કરવા ખાસ તૈયારી કરી લેવામાં આવી છે. આ વખતે હવામાનની સ્થિતી પર પણ નજર રાખવામાં આવી રહી છે. ચાર ધામની યાત્રા સુરક્ષિત રહે તે માટે તમામ સરકારી સંસ્થાઓ દ્વારા કરવામાંઆવી રહેલા પગલાની પ્રશંસા કરતા મુખ્યપ્રધાન રાવતે કહ્યુંહતું કે વારંવાર વરસાદ અને બરફની ચાદર હાલમાં જામી ગઈ હોવા છતાં વર્કરોએ શ્રેષ્ઠ કામગીરી અદા કરી છે. યાત્રાના જુદા જુદા રૂટ પર સાત ચાવીરૂપ સ્થળ પર સ્ટેટ ડિઝાસ્ટર રિસ્પોન્સ ફોર્સના જવાનોતૈનાત કરવામાં આવ્યા છે. કટોકટીની કોઈ પણ સ્થિતીમાં તેમની ઓળખ કરવા માટે શ્રદ્ધાળુઓ માટે આ વખતે ફોટો ઓળખપત્ર જારી કરવામાં આવ્યા છે. ઈમરજન્સીના કેસમાં શ્રદ્ધાળુઓને રોકવા માટે ૧૭ સ્થળોની ઓળખ કરવામાં આવી છે.

ભારત-પાક સરહદ પર યુદ્ધ વિરામ ભંગના ૧૬૪ બનાવ

નવીદિલ્હી,તા. ૨૧

જમ્મુ કાશ્મીરમાં આંતરરાષ્ટ્રીય સરહદ ઉપર યુદ્ધવિરામ ભંગના ૧૬૪ બનાવ બની ચુક્યા છે. સરકારે આજે આ મુજબની સત્તાવાર માહિતી આપી હતી. લોકસભામાં એક લેખિત પ્રશ્નના જવાબમાં ગૃહરાજ્યમંત્રી કિરેન રિજ્જુએ કહ્યું હતું કે, યુદ્ધ વિરામના ભંગ દરમિયાન બે નાગરિકોના મોત થયા છે અને કેટલાક સુરક્ષા જવાનો ઘાયલ પણ થયા છે. આ ગાળા દરમિયાન ફરજ બજાવતા બીએસએફના જવાનો ૧૬ ઘુસણખોરોને પકડી પાડ્યા છે. જમ્મુ કાશ્મીર, પંજાબ, રાજસ્થાન અને ગુજરાતના ફ્રન્ટીયર પટ્ટામાં ઘુસણખોરી કરતી વેળા ૧૬ ઘુસણખોરોને પકડી પાડવામાં આવ્યા છે. જો કે, કિરેન રિજ્જુએ કહ્યું હતું કે, સરકાર આતંકવાદી ગતિવિધિને અંકુશમાં લેવામાં સફળ રહી છે. સાથે સાથે યુદ્ધ વિરામ ભંગની સ્થિતિમાં ફરજ બજાવતા બીએસએફના જવાનો અને અન્ય સુરક્ષા જવાનો જડબાતોડ જવાબ આપી રહ્યા છે. સુરક્ષા દળોમાં નક્કર પગલાઓના પરિણામ સ્વરુપે ત્રાસવાદીઓ ઘુસણખોરીમાં સફળ થઈ રહ્યા નથી.

રોડ એક્સીડન્ટમાં ભારતીય જવાનોના વધુ મોત : રિપોર્ટ

નવી દિલ્હી,તા. ૨૧

ફરજ પર રહેતી વેળા ભારતીય જવાનો સૌથી વધારે શાના કારણે મૃત્યુ પામે છે તે પ્રશ્ન આવતાની સાથે જ તમામ લોકો વિચારતા થઇ જાય છે. સરહદ પર લડાઇ, પાકિસ્તાન સાથે સામ સામે અથડામણ, જમ્મુ કાશ્મીર અને ઉત્તરપૂર્વમાં આતંકવાદ વિરોધી ઓપરેશન, સિયાચીન ગ્લેશિયરમાં માઇનસ તાપમાનમાં ફરજ દરમિયાન સૌથી વધારે સંખ્યામાં ભારતીય જવાનોના મોત થતા નથી. ઉપરોક્ત તમામ મોરચે ભારતીય સૈનિકોના મોત કરતા રોડ એક્સિડેન્ટના કારણે સૌથી વધુ મોત થાય છે. રોડ એક્સિડેન્ટ અથવા તો માર્ગ અકસ્માતમાં આશરે ૩૦૦ જવાનના મોત દર વર્ષે થાય છે. આ વાસ્તવિકતા હવે આંકડા પરથી સપાટી પર આવી છે. યુદ્ધના મોરચે લડ્યા વગર જ ભારતીય સેના વર્ષ ૧૯૯૯ના કારગીલ યુદ્ધ બાદથી શાંતિના સમયમા ૬૫૦૦થી વધારે જવાન ગુમાવી રહી છે. આશરે અડધા સૈનિકોના મોત જ ત્રણ યુદ્ધ પૈકીના યુદ્ધમાં થયા છે. ભારતને ત્રણ યુદ્ધ કરવાની ફરજ પડી છે. જેમાં વર્ષ ૧૯૬૨, ૧૯૬૫ અને વર્ષ ૧૯૭૧ના યુદ્ધનો સમાવેશ થાય છે. ત્રાસવાદ સાથે સંબંધિત મામલામાં મોતનો આંકડો ઘટી ગયો છે. વર્ષ ૨૦૧૨માં જમ્મુ કાશ્મીરમાં ૧૩ જવાનોના મોત થયા હતા જ્યારે વર્ષ ૨૦૧૩માં ૨૧ અને વર્ષ ૨૦૧૪માં ૩૧ જવાનોના મોત થયા છે. વર્ષ ૧૯૬૨માં ચીન સાથે થયેલા યુદ્ધ દરમિયાન ૩૨૫૦ જવાનો શહીદ થયા હતા. જ્યારે વર્ષ ૧૯૬૫માં પાકિસ્તાન સાથે યુદ્ધમાં ૩૨૬૪ જવાનો માર્યા ગયા હતા. વર્ષ ૧૯૭૧ના બાંગલાદેશ સાથેના યુદ્ધમાં ૩૮૪૩ જવાનો શહીદ થયા હતા. કારગીલમાં પાકિસ્તાન સાથેના યુદ્ધમાં ૫૨૨ જવાનો શહીદ થયા હતા ત્રાસવાદી હિંસામાં સંખ્યામાં ઘટાડો થયો છે. કાઉન્ટર ટેરેરીઝમમાં ખુવારીનો દર એક દશક પહેલા આશરે ૩૦૦ જેટલો હતો જે હવે ઘટીને ૫૦થી પણ નીચે પહોંચી ગયો છે. ભારતીય જવાનોને વધારે આદુનિક બનાવવા અને તેમની સુવિધાને વધારી દેવા છેલ્લા કેટલાક સમયથી શ્રેણીબદ્ધ પગલા લેવામા આવ્યા છે. જેનો સીધો લાભ જવાનોને થયો છે. પરંતુ ભારતીય જવાનોની સ્થિતીને હજુ સુધારી શકાય છે. આ દિશામાં પગલા લેવામા આવી રહ્યા છે. ભારતીય જવાનોની સ્થિતી અંગે અગાઉ પણ કેટલીક ચોંકાવનારી માહિતી સપાટી પર આવતી રહી છે.

ક્રિકેટર કોહલી જીમ-ફિટનેસ સેન્ટર શરૂ કરવા માટે ઈચ્છુક

નવી દિલ્હી,તા. ૨૧

ભારતીય ટીમના સ્ટાર ખેલાડી વિરાટ કોહલીએ જીમ અને ફિટનેસ સેન્ટરની તેની પોતાની ચેઈન શરૂ કરવાની યોજના તૈયાર કરી લીધી છે. આ વેન્ચરમાં વિરાટ કોહલીના ભાગીદારો પૈકીના એક એવા સત્ય સિંહાએ કહ્યુંછે કે ત્રણ વર્ષના ગાળામાં ૭૫ સેન્ટર લોંચ કરવામાં આવનાર છે. જેમા કુલ રોકાણનો આંકડો ૧૯૦ કરોડ સુધી રહી શકે છે. જીમ બ્રાન્ડ નેમ ચીસેલ નામનથી શરૂ કરવામાં આવનાર છે. આ બ્રાન્ડ કોહલી, ચીસેલ ફિટનેસ અને સીસઈના સંયુક્ત નામે રહેશે. કોહલીની તમામ બાબતોને મેનેજ કરનાર સંસ્થા પણ આની સાથે જોડાયેલી રહી શકે છે. લાકેશન મુજબ જુદી જુદી સુવિધા આ જીમમાં રાખવામાં આવનાર છે. જુદા જુદા કદમા આ જીમ જીમ રહેશે. તેમના નિષ્ણાંતોને રોકવા માટે આંતરરાષ્ટ્રીય સ્તરના ફિટનેસ નિષ્ણાંતોને બોલાવવામાં